# ટાણું

૧૯૮૮માં શ્રી ભરત-ગીતા નાયકે 'ગદ્યપર્વ' આરંભ્યું. પહેલા અંકમાં પ્રગટ 'પડાવ' વાર્તા લખતાં આદિવાસી ચેતના સાથે અકથ્ય તાદાત્મ્ય અનુભવેલું. એ પછી લઘુનવલ, વાર્તા અને ગદ્યાંશ લખ્યાં.

૧૯૯૩થી ૯૮ દરમિયાન 'ગદ્યપર્વ'નું સંપાદન મેં સંભાળ્યું ત્યારે આદિવાસી, વિમુક્ત-વિચરતી જનજાતિઓની મૌખિક પરંપરા, સંસ્કૃતિ સાથે નાતો વધુ પ્રત્યક્ષ અને દૃઢતર થયો.

૧૯૯૬થી આદિવાસી સમૂહોમાં ભાષાકેન્દ્રએ ભાષા, સાહિત્ય, કળા, ઇતિહાસ, વિકાસ, અધિકાર એવાં ક્ષેત્રોમાં સર્વતોમુખી જ્ઞાન અને કર્મથી ઓપતું આંદોલન આદર્યું. એ સાથે વિમુક્ત-વિચરતી જનજાતિઓની અધિકાર-ચળવળ ચાલી, જાગૃતિ વધી. આદિવાસી અસ્મિતાના, સ્વપ્નોના ક્રીડાંગણ સમી આદિવાસી અકાદમી મૂર્ત થઈ.

૧૮૭૧માં અને પછી બ્રિટિશ શાસને કાયદાથી લાખો આદિવાસી અને કળાકસબ હુન્નર-કુશળ યાયાવર સમૂહોને 'ગુનેગાર' ગણ્યા હતા. આદિવાસી અને ધૂમન્તુઓ અંગ્રેજોને સમજાતા નહોતા. બ્રિટિશ શાસન સામે ૧૮૫૭ પહેલાં તેઓએ પોતાનાં સ્વાતંત્ર્ય, અસ્મિતા માટે અનેક આંદોલન કર્યાં હતાં, જાન આપ્યા હતા. નહીં ઝૂકતી આવી તાકાતને લીધે તેઓ 'ગુનેગાર'ની યાદીમાં મુકાયેલા. ૧૯૫૨માં આ 'ગુનેગાર' જનજાતિઓને યાદીમુક્ત કરવામાં આવી. ૧૮૭૧થી આરંભાયેલ કરૂણિકાનો આજે ૨૦૦૬માંય અંત આવ્યો નથી. કરુણિકાના કારણરૂપ 'ગુનેગારી'ના કલંક અને ધિક્કારને ભૂંસવા શ્રીમતી મહાશ્વેતાદેવી અને શ્રી ગણેશ દેવીએ જંગ માંડ્યો છે. પૂજ્ય ઠક્કરબાપા અને રવિશંકર મહારાજે આપણે ત્યાં આદિવાસી સમાજ માટે આદર્શ કાર્ય કર્યું છે. આટલો સંદર્ભ વાર્તાઓ પૂર્વે આપવો ઠીક ગણ્યો છે. આ સંગ્રહમાં ધૂમન્તુ સમાજને લક્ષતી મોટા ભાગની વાર્તાઓ છે. આ વાર્તાઓ બાબતે પ્રશ્નો થવાના. એનો આવકાર છે.

શુદ્ધ સ્નેહવશ ગણેશ દેવીએ આ સંગ્રહની પ્રસ્તાવના લખી એ માટે તેમનો આભારી છું.

મે ૨૦૦૮, લુણાવાડા

**– કાનજી પટેલ**

# સંવર્ધિત આવૃત્તિ વેળાએ

'ડેરો'ની ૨૦૦૮ની પ્રથમ આવૃત્તિમાં વાર્તાઓ સાથે ગદ્યાંશો મૂક્યા હતા. એ ગદ્યાંશો બીજી સંવર્ધિત આવૃત્તિમાં રાખ્યા નથી. આઠ નવી વારતાઓ જે ૨૦૦૮થી લઈ ૨૦૨૬ સુધી લખાઈ તે આ નવી આવૃત્તિમાં સમાવી છે.

'ગદ્યપર્વ' 'એતદ્' અને 'સંધિ'માં આમાંની મોટા ભાગની વાર્તાઓ પ્રગટ થઈ છે. વાર્તા પ્રગટ કરવા માટે આ સામયિકોના તંત્રી/સંપાદકો સર્વ શ્રી ભરત નાયક, ગીતા નાયક, કમલ વોરા, નૌશિલ મહેતા, કિરીટ દૂધાત, ઇન્દ્ર શાહ અને બાબુ સુથારનો આભાર.

કથ્ય અને કથક ચિત્ત એક થઈને વારતા માંડે છે તેમાં કથન પ્રવર્તે છે. આવી રીત આ વાર્તાઓમાં છે. લોકમાં વાત કહેનાર અને સુણનારની ચેતના એકરૂપ હોય છે એ અનુભવે આવું સ્વાભાવિક રીતે થયું છે. જીવન આગળ ચાલવાની સાથે સાહિત્ય-સ્વરૂપોમાં પણ ફેરફાર, ઉત્ક્રાંતિ થાય છે કારણ કે ચેતના સાહિત્ય-સ્વરૂપને પ્રભાવિત કરે છે અને નહીં કે સાહિત્યસ્વરૂપ ચેતનાને. રચનાબંધની શિસ્ત વાસ્તવના અને ભાષાના બદલાતા સ્વરૂપ સાથે સંકળાયેલું છે. આ સંબંધ સાહિત્ય અને તેના સ્વરૂપ પર અનેક રીતે અસર કરે છે. આ બદલાવને જો ચેતના પારખે તો સાહિત્યમાં ચેતના પોતાનો રંગ દેખાડે છે. સ્વરૂપ કે રચનાબંધના જડત્વથી વાર્તાકથનને અવરોધાવા દેવું ન જોઈએ એવી મારી પ્રતીતિ છે.

લખાય છે લોક. લોકના લખનારા તરીકે મારી જરૂરીયાત એવી હતી. સહૃદયી ભાવકોએ આ રીતિને માણી, આવકારી છે.

૨૦૦૮નું ગુજરાતી સાહિત્ય પરિષદનો વાર્તા માટેનો 'ધુમકેતૂ પુરસ્કાર 'ડેરો' વાર્તાસંગ્રહને મળ્યો. 'મધપૂડો' વાર્તાને 'કથા'નો પુરસ્કાર મળ્યો હતો. અગાઉનાં પુસ્તકો 'અવળી ઘંટી' અને 'અમને ના ભુલતાં'ની જેમ ઝેન ઓપસે આ વાર્તાસંગ્રહને સંવર્ધિતરૂપે ઉલટથી પ્રગટ કર્યો છે એ માટે આભાર.

આશા છે આ સંવર્ધિત આવૃત્તિને પૂર્વની આવૃત્તિથીય વિશેષ આવકાર મળશે

# અનુક્રમ


1. રાજનો આંકડો ....................................................1
2. મહાભારત..........................................................5
3. ભોંય.................................................................12
4. આજનો ભૂલ્યો ફરી ગણું....................................... 20
5. પહેલવહેલો ભરોસો ..........................................28
6. પાટા.................................................................36
7. રાણા પ્રતાપના વંશજ ........................................ 44
8. ડેરો .................................................................51
9. પડાવ................................................................58
10. મધપૂડો............................................................63
11. હું આવું છું ......................................................71
12. નવા દહાડા ..................................................... 79
13. માપ કાઢી લીધું..................................................83
14. માગણની શું ભઈયાળી?......................................89
* 15. દશ શેર નહીં, દોઢ પાંચ શેર ................................ 92
* 16. લડાઈ............................................................105
* 17. સૉફ્ટવેર ........................................................ 112
* 18. સોપો .............................................................118
* 19. બારી બહાર નજર.............................................125
* 20. કૂતરાં, ઝાડવાં અને માણસો..................................131
* 21. ભાઈ, બેટો અને ઘરનો મોભ ...............................136
* 22. બાપ નહીં, દુશ્મન ............................................144


---

**૨૦૦૮ પછીની વાર્તાઓનું ઉમેરણ*